


પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-27 ■ અંક-12 ■ તા. 19-03-2023 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

# ખેડૂતો માટે મિલેટ્સ વરદાન છે, સરકારે આ માટે દિવસ-રાત કામ કર્યું: વડાપ્રધાન

નવીદિલ્હી,તા.૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજધાની દિલ્હીમાં મોટા અનાજ પર બે દિવસીય વૈશ્વિક પરિષદનું ઉદ્ઘાટન કર્યું, સાથે તેમણે આ વર્ષે ઉજવવામાં આવી રહેલા આંતરરાષ્ટ્રીય મોટી અનાજ વર્ષ નિમિત્તે એક ટપાલ ટિકિટ અને સિક્કો પણ બહાર પાડ્યો હતો. સરકારે બરછટ અનાજને 'શ્રી અન્ન' નામ આપ્યું છે. કેન્દ્રીય કૃષિ મંત્રી નરેન્દ્ર સિંહ તોમર અને છ દેશોના તેમના સમકક્ષોએ પણ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. કાર્યક્રમને સંબોધતા પીએમ મોદીએ કહ્યું કે, મને ગર્વ છે કે ભારત 'ઈન્ટરનેશનલ મિલેટ યર'નું નેતૃત્વ કરી રહ્યું છે. મિલેટ્સ ખેડૂતો માટે વરદાન સમાન છે.

પીએમ મોદીએ કહ્યું કે, ઘણા દેશો મિલેટ કોન્ફરન્સ સાથે જોડાયેલા છે. મિલેટ્સને લઈને દેશમાં ઘણા સ્ટાર્ટઅપ્સ પણ શરૂ થયા છે. તે ઘણા રાજ્યોમાં આગવી રીતે ઉગાડવામાં આવે છે. તેમણે કહ્યું કે, "યુનાઈટેડ નેશન્સે ભારતના પ્રસ્તાવ અને પ્રયત્નો પછી જ ૨૦૨૩ને મિલેટ્સના આંતરરાષ્ટ્રીય વર્ષ તરીકે જાહેર કર્યું છે. વિશ્વ જયારે મિલેટ્સના આંતરરાષ્ટ્રીય વર્ષની ઉજવણી કરી રહ્યું છે, ત્યારે ભારત ઝુંબેશનું નેતૃત્વ કરી રહ્યું છે. ગ્લોબલ મિલેટ્સ કોન્ફરન્સ આ દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. કાર્યક્રમ દરમિયાન મોટા અનાજ પરનો એક વીડિયો પણ બહાર પાડવામાં આવ્યો હતો. અગાઉ, કાર્યક્રમને સંબોધિત કરતી વખતે, કેન્દ્રીય કૃષિ પ્રધાન નરેન્દ્ર સિંહ તોમરે કહ્યું કે, આજે મિલેટ્સનું લોન્ચિંગ છે. જ્યારે પણ મિલેટ્સ અંગે કોઈ પ્રશ્ન આવ્યો ત્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અમને બધાને ખૂબ જ ઉત્સાહપૂર્વક માર્ગદર્શન આપ્યું અને પરિણામે આ કાર્યક્રમ ઊંચાઈએ પહોંચી રહ્યો છે.



દેશમાં ફરી બરછટ અનાજની માંગ વધી છે. તેનું એક મોટું કારણ સ્વાસ્થ્ય છે. તેના ઘણા ફાયદા છે. ન્યુટ્રિશનિસ્ટના મતે મિલેટ્સ ખાવાથી એનર્જી મળે છે. મિલેટ્સ કોલેસ્ટ્રોલ લેવલને કંટ્રોલ કરે છે, જે હૃદયને સ્વસ્થ રાખે છે. મિલેટ્સ ડાયાબિટીસને રોકવામાં પણ ઉપયોગી છે. મિલેટ્સમાં ભરપૂર પ્રમાણમાં ફાઈબર હોય છે, જે પાચનક્રિયાને પણ સુધારે છે. જવનું પાણી પીવાથી વજન નિયંત્રણમાં રહે છે. જવને કિડનીના સ્વાસ્થ્ય માટે સારું માનવામાં આવે છે. જુવારનો વ્યાપકપણે પશુ આહારમાં ઉપયોગ થાય છે, પરંતુ તેની વિવિધ જાતોમાં પોટેશિયમ, ફોસ્ફરસ, કેલ્શિયમ અને આયર્ન પુષ્કળ પ્રમાણમાં જોવા મળે છે. રોગોથી દૂર રહેવા માટે લોહી વધારવા અથવા રોગપ્રતિકારક શક્તિને મજબૂત કરવા માટે ખૂબ જ ઉપયોગી છે.

જર્નલ ગ્લોબલ એન્વાયરમેન્ટલ ચેન્જના એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે ઘઉં અને ડાંગર એટલે કે ચોખાની સરખામણીમાં બરછટ અનાજમાં પાણીનો વપરાશ ઘણો ઓછો છે. આ સિવાય તેની ખેતી માટે યુરિયા અને અન્ય રસાયણોની જરૂર નથી. આ કિસ્સામાં, તેઓ પર્યાવરણ માટે વધુ સારી છે. એટલે કે, જો તમે બરછટ અનાજનો ઉપયોગ કરો છો, તો માત્ર તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે નહીં. ઉલટાનું ખેડૂતોને પણ આનો ઘણો ફાયદો થશે. તેમને તેમની મહેનતની યોગ્ય કિંમત મળશે.વડપ્રધાન નરેન્દ્ર મોદીએ આ અવસરે પીએમ મોદીએ આંતરરાષ્ટ્રીય મિલેટ્સ વર્ષ ૨૦૨૩ ઉપર એક ડાક ટિકિટ અને સિક્કાને પણ લોન્ચ કર્યા છે. આ સિવાય વડાપ્રધાન બાયર સેલર મીટ અને પ્રદર્શનનું પણ ઉદ્ઘાટન કર્યું. આ અવસરે તેઓએ કોન્ફરન્સ સંબોધિત કરી છે. આ કાર્યક્રમમાં ૧૦૦થી વધારે દેશોના પ્રતિનિધિ ભાગ લઈ રહ્યા છે. કોન્ફરન્સ ૧૯ માર્ચે પૂરી થશે.ગ્લોબલ મિલેટ્સ કોન્ફરન્સને ધ્યાનમાં રાખીને આ વર્ષ ભારત માટે ખૂબ જ મહત્ત્વનું માનવામાં આવી રહ્યું છે, કેમ કે ભારત ૨૦૨૩માં જી ૨૦ની મેજબાની કરી રહ્યું છે. સરકારે મિલેટ્સને ૪૨૦ બેઠકનો પણ એક ભાગ બનાવ્યો છે.કેન્દ્રિય કૃષિ મંત્રી નરેન્દ્ર સિંહ તોમરે આ અવસરે કહ્યું કે આજે મિલેટ્સનો શુભારંભ ઉત્સવ છે. મિલેટ્સ વિષયને લઈને જ્યારે પણ કોઈ સવાલ ઊભો થયો ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ખૂબ જ ઉત્સાહ સાથે અમારું માર્ગદર્શન કર્યું અને તેના પરિણામસ્વરૂપ આ કાર્યક્રમ ઊંચાઈએ પહોંચી રહ્યો છે. મિલેટ્સને બરછટ અનાજ પણ કહેવામાં આવે છે. તેમાં મુખ્યત્વે જુવાર, બાજરો, રાગી જેવા અનાજ આવે છે. કેન્દ્ર સરકારના આવાહન હેઠળ જ યૂનાઈટેડ નેશન ૨૦૨૩ના રોજ ઈન્ટરનેશનલ મિલેટ્સ યર તરીકે ઉજવી રહ્યું છે. ગ્લોબલ મિલેટ્સ કોન્ફરન્સ પણ આ કડીનો એક મુખ્ય ભાગ બનવા જઈ રહ્યો છે.મિલેટ્સ ન્યૂટ્રિશનનો ભંડાર છે. ભારત સરકાર ખેડૂતોને ખેતી માટે પ્રોત્સાહિત કરી તેમને આર્થિક રીતે સશક્ત બનાવવાની કોશિશ કરી રહી છે. સાથે જ, સામાન્ય લોકોને મિલેટ્સ પ્રત્યે જાગરૂત કરવાની દિશામાં ઝડપથી કામ કરી રહી છે.આ કાર્યક્રમથી મિલેટ્સને ઈન્ટરનેશનલ લેવલ ઉપર પ્રોત્સાહન મળવાનું છે. દેશના નાના ખેડૂતો માટે તે ખૂબ જ હિતકારી જણાવવામાં આવી રહ્યું છે. આ અંગે ઁ સ મોદીએ પણ કહ્યું છે- મિલેટ્સને ગ્લોબલી ઓળખ મળવાનો અર્થ એવો છે કે આપણાં નાના ખેડૂતો માટે ગ્લોબલ માર્કેટ તૈયાર થાય.

# બાગેશ્વર બાબાને લઈને મહારાષ્ટ્રમાં હોબાળો, નોંધાઈ ફરિયાદ, તો સામે બાબાએ આપ્યો 30 લાખનો પડકાર !

નવીદિલ્હી,તા.૧૮,

(મહારાષ્ટ્રમાં ફરી એકવાર બાગેશ્વર ધામના મહારાજ ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીને લઈને હોબાળો થયો છે. ફરી એકવાર, અંધ શ્રધ્ધા ઉન્મૂલન સમિતિએ મુંબઈના મીરા રોડ પોલીસ સ્ટેશનમાં તેમની સામે મેલીવિદ્યા અને અંધશ્રદ્ધાને પ્રોત્સાહન આપવાનો આરોપ લગાવીને ફરિયાદ નોંધાવી છે. આ સાથે તેણે બાગેશ્વર મહારાજને પડકાર ફેંક્યો છે કે જો તેઓ ૧૦ લોકો વિશે સાચો જવાબ આપે તો તેમને સમિતિ તરફથી ૩૦ લાખ રૂપિયા આપવામાં આવશેની જાહેરાત કરી છે.

બીજી બાજુ, જો તે સાચી માહિતી આપવામાં નિષ્ફળ જાય,



તો એવું માનવામાં આવશે કે તેની પાસે આવી કોઈ શક્તિ નથી. અંધાશ્રદ્ધા ઉન્મૂલ સમિતિના શ્યામ માનવે મીરાપુર પોલીસ સ્ટેશનને એક પત્ર લખીને આરોપ લગાવ્યો છે કે ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રી મેલીવિદ્યા કરે છે અને મંત્રોચ્ચાર કરીને રોગો મટાડવાનો દાવો કરે છે. આ બધું અંધશ્રદ્ધાને પ્રોત્સાહન આપવાનું છે. તેણે પોતાના પત્રમાં લખ્યું છે કે યુટ્યુબ પર ધીરેન્દ્ર શાસ્ત્રીના ઘણા વીડિયો જોવાથી પણ આ વાતની પુષ્ટિ થાય છે.

આ આધારે મીરાપુર પોલીસ સ્ટેશને બાગેશ્વર મહારાજ સામે કાર્યવાહી કરવા અને તેમના પ્રસ્તાવિત કાર્યક્રમને રોકવાની અપીલ કરી છે. શ્યામ માનવે સમિતિના લેટર હેડ પર મીરાપુર પોલીસ સ્ટેશનને મોકલેલા ફરિયાદ પત્રમાં લખ્યું છે કે મહારાષ્ટ્રમાં ડ્રગ્સ એન્ડ મેજિક રેમેડીઝ એક્ટ ૨૦૧૩નો કાયદો લાગુ છે. આવી સ્થિતિમાં, કોઈપણ વ્યક્તિ પર કોઈપણ પ્રકારની અંધશ્રદ્ધા ફેલાવવા પર સંપૂર્ણ પ્રતિબંધ છે. આમ છતાં જો કોઈ વ્યક્તિ આવો કાર્યક્રમ કરે છે તો તેને પ્રશાસનની પરવાનગી ન આપવી જોઈએ.

તેમણે કહ્યું કે ધીરેન્દ્ર શાસ્ત્રીમાં એવી કોઈ શક્તિ નથી કે તે લોકો વિશે બધું જાતે જ જાણી શકે. જો આવી શક્તિ હોય તો તેણે તેનો પડકાર સ્વીકારવો જોઈએ. આમાં તેમણે ૧૦ લોકો વિશે સચોટ માહિતી આપવાની રહેશે. જો તે આમ કરશે તો સમિતિ દ્વારા તેને ૩૦ લાખ રૂપિયા રોકડા આપવામાં આવશે.

બીજી તરફ, જો તે આમ કરવામાં અસમર્થ હોય, તો એવું માનવામાં આવશે કે તે માત્ર અંધ વિશ્વાસ ફેલાવે છે અને તેની સામે કેસ નોંધવામાં આવશે. આ પહેલા પણ સમિતિ વતી બાગેશ્વર મહારાજ વિરુદ્ધ ફરિયાદ આપવામાં આવી હતી. તેમાં પણ આવા જ આક્ષેપો કરવામાં આવ્યા હતા, જોકે પોલીસ તપાસ દરમિયાન આ આક્ષેપો ઊભા થયા ન હતા અને ફરિયાદ રદ કરવામાં આવી હતી.

# અદાણી કેસ પર સુપ્રીમ કોર્ટે તપાસ સમિતિની રચના કરી છે. : અમિત શાહ

નવીદિલ્હી,તા.૧૮

દેશમાં અદાણી-હિંડનબર્ગ મુદ્દે વિપક્ષ સતત હોબાળો મચાવી રહ્યો છે. હવે આ મામલે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મૌન તોડ્યું છે.

આ વિવાદની તપાસ માટે સંયુક્ત સંસદીય સમિતિ (જેપીસી) બનાવવાની વિપક્ષની માગ પર અમિત શાહે કહ્યું કે સુપ્રીમ કોર્ટે આ મામલાની નોંધ લીધી છે અને કોર્ટે એક તપાસ સમિતિની પણ રચના કરી છે. તેમણે કહ્યું કે જો કંઈક ખોટું થયું હોય તો કોઈને બક્ષવામાં એટલે કે છોડવામાં નહીં આવે

એક ટીવી ચેનલના કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી અમિત શાહે કહ્યું કે, સરકારને આ વિવાદ પર કોઈ ભ્રમ નથી. સુપ્રીમ કોર્ટે અદાણી-હિંડનબર્ગ કેસની તપાસ માટે તપાસ સમિતિની રચના કરી છે. હવે લોકોએ ન્યાયિક પ્રક્રિયા પર વિશ્વાસ કરવો જોઈએ." તેમણે કહ્યું, "જો કોઈની પાસે આ મામલાને લગતા પુરાવા છે તો તેને સુપ્રીમ કોર્ટની સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવે."

અમિત શાહે વધુમાં કહ્યું કે, જો કંઈ ખોટું થયું હોય તો કોઈને પણ બક્ષવામાં ન આવે. તેમણે કહ્યું, "ભારતીય સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ (સેબી) એ પહેલાથી જ સુપ્રીમ કોર્ટને કહ્યું છે કે તે આ મામલાની તપાસ કરી રહી છે." તે જ સમયે, અમિત શાહે કાર્યક્રમમાં કહ્યું કે, બીજેપીના નેતૃત્વમાં રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન વર્ષ ૨૦૨૪માં પણ સરકાર બનાવશે અને નરેન્દ્ર મોદી સતત ત્રીજી વખત વડાપ્રધાન બનશે. તેમણે કહ્યું કે મોદી સરકાર આવ્યા બાદ જમ્મુ-કાશ્મીરના ત્રણ મહત્વના મુદ્દાઓ, નોર્થ ઈસ્ટ અને નક્સલવાદી સમસ્યાનો મોટાભાગે ઉકેલ આવી ગયો છે.

૨૦૨૪ની લોકસભા ચૂંટણી અંગે અમિત શાહે કહ્યું કે, "દેશના આગામી વડાપ્રધાન કોણ હશે તે જનતા નક્કી કરશે. મેં દેશના તમામ ભાગોની મુલાકાત લીધી છે અને મને સમજાયું છે કે દેશમાં આગામી સરકાર ભાજપની જ બનશે અને મોદી સતત ત્રીજી વખત પીએમ બનશે. તેમણે કહ્યું, "૧૯૭૦ પછી આ પ્રથમ વખત હશે, જ્યારે કોઈ ઁ સ સતત ત્રીજી વખત ચૂંટાશે. અમને ૩૦૩થી વધુ બેઠકો મળશે.

## ચૂંટણી ટાણે અશોક ગેહલોતના માસ્ટર સ્ટ્રોકે બાજી પલટી નાખી?

# રાજસ્થાનમાં નવા જિલ્લા બનાવવાથી ૫ વર્ષની એન્ટી ઈક્મ્બન્સી પ્રો ઈક્મ્બન્સીમાં ફેરવાઈ જશે.

જયપુર,તા.૧૮

રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતે ચૂંટણી વર્ષમાં રાજયમાં ૧૯ નવા જિલ્લા બનાવવાની જાહેરાત કરી દીધી છે. ગેહલોત સમર્થકો તેમના આ પગલાંને માસ્ટરસ્ટ્રોક ગણાવી રહ્યા છે. તેઓ માની રહ્યા છે કે રાજસ્થાનમાં નવા જિલ્લા બનાવવાથી ૫ વર્ષની એન્ટી ઈક્મ્બન્સી પ્રો ઈક્મ્બન્સીમાં ફેરવાઈ જશે. રાજસ્થાન કોંગ્રેસનો આંતરિક કલેહ પણ ઠંડો પડી જશે અને ચૂંટણી લડવા માટે તેમને નવો મુદ્દો મળી જશે. રાજસ્થાન કોંગ્રેસ આ મુદ્દે આગામી વિધાનસભા ચૂંટણી લડી શકે છે.

નવા જિલ્લા બનાવવાની માંગણી રાજસ્થાનમાં લાંબા સમયથી થઈ રહી હતી. ભૌગોલિક દ્રષ્ટિથી રાજસ્થાન મોટું હોવાના કારણે આવી માંગણી થઈ રહી હતી.

અશોક ગેહલોત અને તેમની સરકારનું માનવું છે કે આ નિર્ણયથી



તેમને જનતાનો સાથ મળી શકે છે.

અત્રે જણાવવાનું કે રાજસ્થાન વિધાનસભામાં નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ નું બજેટ પસાર થયું. આ સાથે જ સીએમ અશોક ગેહલોતે રાજસ્થાનમાં ૧૯ નવા જિલ્લા અને ૩ નવા સંભાગ બનાવવાની જાહેરાત કરી.

અશોક ગેહલોતે પહેલા તબક્કામાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને હુમન રિસોર્સ માટે ૨૦૦૦ કરોડ રૂપિયાનું બજેટ પ્રસ્તાવિત કર્યું. અશોક ગેહલોતે જણાવ્યું કે બજેટ ૨૦૨૩-૨૪માં ૧૦૯૮ જાહેરાતો કરી છે જેમાંથી ૨૫૦ જાહેરાતોની સ્વિકૃતિ જાહેર કરાઈ છે.

સીએમ ગેહલોતે વધુમાં કહ્યું કે જનઘોષણાપત્રના ૮૦ ટકા વાયદા પૂરા કરવામાં આવ્યા છે અને લગભગ ૧૬ ટકા પર કામ ચાલુ છે. તેમણે કહ્યું કે અનુપગઢ, વ્યાવર, બાલોતરા, કુચામનસિટી, ડીગ ડીડવાના, ગંગાપુરસિટી, દુદુ, જયપુર નોર્થ, જયપુર સાઉથ, જોધપુર વેસ્ટ, કેકડી, ખેરથલ, નીમકાથાના, કોટપૂતલી, સલુંબર, ફલૌદી, સાંચૌર, શાહપુરા-ભીલવાડાને નવા જિલ્લાઓ બનાવવાની જાહેરાત કરી છે.

# બેથી વધુ બાળકોને જન્મ આપવા ઉપર ૫૦ હજાર રૂપિયાની એફડી : અખિલ ભારતીય માહેશ્વરી સેવા સદનના અધ્યક્ષ

જયપુર,તા.૧૮

સતત એ સુત્ર આપણે સાંભળ્યુ છે કે દો બચ્ચે,સબસે અચ્છે સમાજના બદલાતા વાતાવરણ અને વિકસિત થવાની ઈચ્છાના દૌરમાં લોકો બે બાળકોને જન્મ આપવાનું જ સારૂ સમજવા લાગે છે.આ વચ્ચે રાજસ્થાનમાં એક એવી જાહેરાત થઈ છે.જે આ સુત્રમને નકારે છે.

હકીકતમાં અહીં માહેશ્વરી સમાજ દ્વારા એ જાહેરાત કરવામાં આવ્યા છે કે ૨થી વધુ બાળકો પેદા કરવા પર રૂ.૫૦ હજારની ફિકસ ડિપોઝીટ આપવામાં આવશે

અખિલ ભારતીય માહેશ્વરી સેવા સદનના અધ્યક્ષ રામકુમાર ભુતડાએ પોતાના મેડતા સિટી પ્રવાસ દરમિયાન મીડિયા સાથે વાતચીત કરતા કહ્યું કે માહેશ્વરી સમાજ પોતાની ઘટતી વસ્તીને લઈ ખુબ ચિંતિત છે.આવામાં સમાજ હવે બેથી વધુ સંતાનો થવા અથવા ત્રીજા અને ચોથા સંતાન થવા પર એફડી (ફિકસ ડિપોઝીટ) કરાવશે

આ પહેલા માહેશ્વરી સમાજ ત્રીજી યુવતી થવા પર રૂ ૫૦ હજાર રૂપિયાની એફડી કરાવતુ હતું આ નિર્ણય આઠ વર્ષ પહેલા લેવામાં આવ્યો પરંતુ હવે આ નિયમ પુત્ર ઉપર પણ લાગુ કરવામાં આવ્યો છે.

જો ચોથુ સંતાન થશે તો તેના પર પણ ૫૦ હજાર રૂપિયાની એફડી કરાવવામાં આવશે

તેમણે જાણકારી આપતા કહ્યું કે જે દિવસે ત્રીજુ સંતાન થશે તે દિવસે એફડી આપવામાં આવશે ભુતડાએ કહ્યું કે સંયુકત પરિવારોનું તુટવું અમારા સમાજ માટે એક ચિંતાનો વિષય છે.આજે જે આ નાના પરિવાર છે તેમાં મોટાભાગના યુવા સંતાન ઉત્પતિમાં વિશ્વાસ ઓછો કરે છે.તેમણે કહ્યું કે ૩૦ વર્ષ થયા બાદ તો યુવા લગ્ન કરે છે.

યુવક અલગ જગ્યાએ વર્ક પેકેજ પર જઈ રહ્યાં છે યુવતી અલગ કામ કરી રહી છે તો આવામાં તેમને બાળકોનું લાલન પાલન કરવું મુશ્કેલ સમાન લાગી રહ્યું છે.આવામાં પ્રોત્સાહન માટે સમાજ દ્વારા આ પગલુ ઉઠાવવામાં આવ્યું છે.

# મધ્યપ્રદેશમાં ધારાસભ્યોની ખરીદ વેચાણનો ખેલ હવે સમાપ્ત થઈ જશે : અરવિંદ કેજરીવાલ

**કેટલાક દિવસ પહેલા મધ્યપ્રદેશથી કેટલાક લોકો મને મળ્યા અને કહ્યું કે મધ્યપ્રદેશમાં સરકારો વેચી અને ખરીદી શકાય છે આ મોટી સમસ્યા છે**




ભોપાલ,તા.૧૮

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે મધ્યપ્રદેશની સત્તારૂઢ ભાજપ અને વિરોધ પક્ષ કોંગ્રેસ પર ટીપ્પણી કરતા કહ્યું કે પ્રદેશમાં ધારાસભ્યોને ખરીદ વેચાણનો ખેલ હવે ખતમ થઈ જશે કારણ કે આ વર્ષના અંતમાં યોજાનાર વિધાનસભા ચુંટણી બાદ રાજયમાં આપની સરકાર બનશે એ યાદ રહે કે માર્ચ ૨૦૨૦માં કોંગ્રેસના ૨૨ ધારાસભ્યોએ પાર્ટી છોડી ભાજપમાં સામેલ થઈ જવાથી તે સમયની કમલનાથના નેતૃત્વવાળી કોંગ્રેસ સરકાર તુટી પડી હતી અને શિવરાજ ચૌહાણના નેતૃત્વમાં ૨૩ માર્ચ ૨૦૨૦ના રોજ ભાજપની સરકાર પ્રદેશમાં બની ગઈ હતી.

અહીં ભેલના દશહરા મેદાનમાં આમ આદમી પાર્ટીના કાર્યકરોના સંમેલનને સંબોધીત કરતા કહ્યું કે કેજરીવાલે કહ્યું કે કેટલાક દિવસ પહેલા મધ્યપ્રદેશથી કેટલાક લોકો મને મળ્યા અને કહ્યું હતું કે મધ્યપ્રદેશમાં સરકારો વેચી અને ખરીદી શકાય છે.આ મોટી સમસ્યા છે.તેમણે કહ્યું કે આજે મધ્યપ્રદેશનો દરેક નાગરિક પોતાની આપને નિરાશા અનુભવી રહ્યો છે.આપના સંયોજકે પક્ષ પલ્ટા પર ભાજપ અને કોંગ્રેસ પર ટીપ્પણી કરતા કહ્યું કે વિધાનસભા ચુંટણી ખતમ થતા જ એક પાર્ટી પોતાની લારી લઈ નિકળે છે કે ધારાસભ્યો લઈ લો અને એક પાર્ટી તે ધારાસભ્યોને ખરીદવા માટે તૈયાર બેઠી હોય છે. તેમણે પુરી વ્યવસ્થા,બંધારણ અને દેશના લોકતંત્રને બજાર બનાવી દીધુ છે અહીં ખુલ્લેઆમ ધારાસભ્યો વેચાય છે અને ખરીદાય છે.તેમણે કહ્યું કે મધ્યપ્રદેશના એક એક નાગરિક પ્રદેશના મુખ્યમંત્રી શિવરાજ ચૌહાણને હટાવવા માંગે છે ગત વખતે પણ હટાવી દીધા હતાં પરંતુ જનતાનું ચાલ્યું નહીં જનતા ભલે ગમે તેને મત આપે છે પરંતુ સરકાર તો ભાજપની જ બને છે તેમણે કહ્યું કે મધ્યપ્રદેશના એક એક મતદારો બેબસ થઈ ગયા છે કે તેઓ કયાં જાય લોકોને સમજમાં આવી રહ્યું નથી કે કેવી રીતે આ સરકારને બદલવામાં આવે .

## તંત્રી લેખ

# અટકેલી સંસદ

*બજેટ સત્રના બીજા ચરણમાં એક દિવસ પણ સંસદમાં યોગ્ય રીતે કામ નથી થઈ શક્યું. વિવાદોનો એવો સિલસિલો છેડાઈ ગયો છે, જે લાગતું નથી કે આસાનીથી ખતમ થશે. વિવાદ સંસદમાં પણ હાવી છે અને સડક પર પણ. જોકે ભારતીય સંસદીય ઈતિહાસમાં આવું ઘણી વખત બન્યું છે, જ્યારે પરસ્પર સંઘર્ષનાં તત્ત્વો વધુ અને સમન્વયની કોશિશો બહુ ઓછી દેખાઈ છે. સત્તાપક્ષ રાહુલ ગાંધી પાસે દેશના અપમાન માટે માફીની માંગ કરી રહ્યો છે, જ્યારે રાહુલ ગાંધી સદનમાં પોતાની વાત મૂકવા માંગે છે. હાલમાં રાજકારણ ખૂબ તેજ થઈ ગયું છે, ત્યારે કોઈ કોની વાત સાંભળે કે ન સાંભળે તેની પાછળ પણ રાજકારણ રમાઈ રહ્યું છે. આ નવું નથી, જ્યારે પણ ચૂંટણી નજીક આવે છે ત્યારે સદનમાં પક્ષ-વિપક્ષનો મિજાજ પોતાના રાજકીય લાભાલાભ અનુસાર બદલાવા લાગે છે. જો રાજકીય પાર્ટીઓ માટે અત્યારથી ચૂંટણી વધારે મહત્ત્વની થઈ ગઈ છે, તો સદનમાં સામાન્ય કામકાજ ન થઈ શકવું આશ્ચર્યજનક નથી. છતાં લોકો એ જ આશા રાખશે કે રાજનીતિ બહાર થતી રહે અને સદનમાં કાર્યો આ રીતે અટકે નહીં.*

*જ્યાં સુધી રાહુલ ગાંધીની વાત છે, તેઓ સદનમાં પોતાની વાત રજૂ કરવા માંગતા હતા, પરંતુ તેઓ બ્રિટનમાં જે બફાટ કરી આવ્યા છે, રાજકારણ હજુ પણ ત્યાં જ અટક્યું છે. સ્પષ્ટ છે કે જો બંને પક્ષ પોતપોતાના વલણ પર અડગ રહે છે તો સંસદનું ચાલવું મુશ્કેલ જ રહેશે. એવી પણ પરિસ્થિતિ આવી શકે છે કે બજેટને વિના ચર્ચાએ પસાર કરાવવું પડે. આ યોગ્ય નથી, તેથી બંને પક્ષોએ પોતપોતાની હઠ છોડવી જોઈએ. જેમ એની શક્યતા નથી કે રાહુલ ગાંધી માફી માંગશે, એવી જ રીતે એના પણ અણસાર નથી કે મોદી સરકાર અદાણી મામલાની તપાસ માટે જેપીસી રચવાની વિપક્ષની માંગ માની લેશે. તેનું કારણ એક તો એ છે કે સુપ્રીમ કોર્ટ પહેલાં જ છ સભ્યોની સમિતિની રચના કરી ચૂકી છે અને બીજું એ કે આર્થિક બાબતોમાં અત્યાર સુધી રચાયેલી જેપીસીએ તપાસના નામે ઢાંકપિછોડો કર્યો છે કે પછી પક્ષાપક્ષીનું રાજકારણ. એની અવગણના ન કરી શકાય કે અદાણી મામલાની તપાસ જેપીસી પાસે કરાવવાની વિપક્ષની માંગનો મુખ્ય ઉદ્દેશ્ય આ મામલાને આગામી ચૂંટણી સુધી જીવંત રાખવાનો જ છે. સંસદના આ સત્રમાં માત્ર બજેટ પર જ ચર્ચા નથી થવાની, પરંતુ કમ સે કમ ત્રણ ડઝન વિધેયક પણ પસાર થવાના છે. જો સત્તાપક્ષ અને વિપક્ષ વચ્ચે ચાલતી તકરારને કારણે પ્રસ્તાવિત વિધેયકો પસાર ન થઈ શકે તો તે એક રીતે રાષ્ટ્રનો રસ્તો રોકનારું કામ હશે. યોગ્ય એ રહેશે કે સત્તાપક્ષ અને વિપક્ષ એ સમજે કે સંસદમાં ગતિરોધની સ્થિતિ પેદા કરીને તે જનતાને નિરાશ જ કરવાનું કામ કરી રહ્યા છે. રાજનીતિની રફતાર તેજ છે, પરંતુ ક્યારેક અટકીને વિચારવું પણ જોઈએ કે લોકસભા, રાજ્યસભામાં થોડો સમય વિરોધ-પ્રતિરોધ માટે હોય અને વધુને વધુ સમય દેશના ઝડપી વિકાસમાં પસાર થાય તે ઈચ્છનીય છે.*

## રાજ્ય સરકાર ખાનગી કંપનીઓને લાભ અપાવવા અબજો રૂપિયામાં વીજળી ખરીદે છે : કોંગ્રેસ નેતા

ગાંધીનગર,તા.૧૮

રાજ્ય સરકાર ખાનગી કંપનીઓને લાભ મળે તે માટે પોતાના પાવર સ્ટેશન બંધ રાખી ખાનગી કંપનીઓ પાસેથી અબજો રૂપિયામાં વીજળી ખરીદતી હોવાનો કોંગ્રેસ નેતાએ આક્ષેપ કર્યો છે. કોંગ્રેસના ધારાસભ્ય અર્જુન મોઢવાડિયાએ કહ્યુ કે સરકાર પાસે પોતાના પબ્લિક સેક્ટર યુનિટના ૧૬ પાવર સ્ટેશન છે..જેમાંથી સાત સંપૂર્ણ બંધ છે..અને ૯ પાવર સ્ટેશન માત્ર ૫૦ ટકા કેપેસિટીમાં ચાલે છે.. ત્યારે સરકાર પોતાના પાવર સ્ટેશન યુનિટ બંધ રાખી ખાનગી કંપની પાસેથી ઊંચા દરે વીજળી ખરીદે છેપ

ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં રાજ્ય, કેન્દ્ર અને ખાનગી કંપનીઓ મળીને કુલ ૨૧૧૧૪ મેગાવોટનું વીજ ઉત્પાદન થાય છે જે પૈકી માત્ર ૬૦૭૦ મેગાવોટ વીજળી રાજ્ય હસ્તકના વીજ મથકો પેદા કરી રહ્યાં છે. રાજ્ય ઉપર ખાનગી વીજળીનું ભારણ વધતું જાય છે. છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર અને ખાનગી કંપનીઓએ વીજ ઉત્પાદન ક્ષમતામાં ૫૫૩૫ મેગાવોટનો વધારો કર્યો છે પરંતુ રાજ્ય હસ્તકના વીજમથકોમાં શૂન્ય વધારો થયો છે.

વિધાનસભામાં રાજ્યમાં વીજ ઉત્પાદન ક્ષમતા અંગે પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં ઉર્જામંત્રીએ આંકડા આપતાં કહ્યું હતું કે હાલની સ્થિતિએ રાજ્યમાં પરંપરાગત સ્રોતમાં કુલ ૨૧૧૧૪ મેગાવોટ વીજળીનું ઉત્પાદન થાય છે, જ્યારે બિન પરંપરાગત સ્રોતમાં વીજ ઉત્પાદન વધીને ૮૨૭૨ મેગાવોટ થયું છે.




૧૭/૩/૧૯૯૬ ના દિવસે શરૂ થયેલ 'જન ફરિયાદ' સાપ્તાહિક આજે ૨૭ વરસ પૂર્ણ કરીને ૨૮ માં વર્ષ માં.પ્રવેશ કરી રહ્યું છે...દેશ વિદેશ ના સમાચારો તેમજ અનેક સાહિત્યિક લેખો,ગઝલો,ગદ્ય,પદ્ય રચનાઓ તેમજ પ્રજા ની ફરિયાદો રૂપી જન ફરિયાદ સૌ કોઈ સહયોગીઓ ના સહકાર થી અવિરત દર રવિવારે પ્રિન્ટ કોપી માં અને સોશિયલ મીડિયા ના janfariyadnews પોર્ટલ તેમજ ન્યૂઝ ચેનલ થકી તેની હરણફાળ ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક (૨૦૧૪) સાથે આગળ ડગ ભરી રહ્યું છે....ત્રણ લાખ થી વધારે વાચકો બનાવી ચુકેલા જન ફરિયાદ ના દેશ વિદેશ ના ચાહકો,વાચકો,વિજ્ઞાપન દાતાઓ તેમજ પત્રકારો,વિદેશ ના નિવાસી તંત્રીઓ નો આજે હું દિલથી સહકાર બદલ આભાર વ્યક્ત કરું છું..

તંત્રી/માલિક : પ્રદીપ રાવલ

તેમજ દેશ વિદેશ ના નિવાસી તંત્રી/બ્યુરો ચીફ,પત્રકાર પરિવાર.... મો.૯૮૨૪૬૫૩૦૭૩ ઈમેઈલ :

prdpraval42@gmail.com.

www.janfariyadnews.com

## લઘુ નવલકથા છિન્ન- પ્રકરણ/ ૩

''આજે આપણે મળીએ છીએ. હું તારી રાહ જોઈશ.'' બીજી કોઈ ઔપચારિક વાત કર્યા વગર શ્રેયા સીધી મુદ્દા પર આવી ગઈ.

આજે એક્ઝિબિશનનો અંતિમ દિવસ હતો. આમ તો સામાન્ય રીતે દરેક વખતે એક્ઝિબિશનના છેલ્લા દિવસે સમગ્ર ગ્રુપ શ્રેયા સાથે રોકાતું. સોલ્ડ પેન્ટિંગને અલગ કરીને બાકીનાં પેન્ટિંગ પેક કરીને છેક છેલ્લે સુધી આટોપવામાં સૌ સાથે રહેતાં. આજે પણ એમ જ બન્યું. સૌ છેક સુધી શ્રેયાની સાથે રોકાયાં, નહોતો માત્ર સંદિપ. આજે પણ એ નહોતો આવ્યો. સૌ માટે આ નવાઈની વાત હતી. એક માત્ર શ્રેયા શાંત હતી. જ્યારે એ એના ઘરે પહોંચી ત્યારે એના આશ્ચર્ય વચ્ચે સંદિપ ઘરની બહાર કાર પાર્ક કરીને એની રાહ જોતો હતો.

"l[a]s go somewhere shreya" શ્રેયા કોઈ દલીલ કર્યા વગર એની કારમાં બેસી ગઈ. એને પણ સંદિપ જોડે એકાંત જોઈતું હતું. પપ્પાની વાતને લઈને એની સાથે ખુલ્લા દિલથી ચર્ચા કરવી હતી.

સંદિપે કાર સીધી કામા તરફ લીધી. શ્રેયાને આ જગ્યા ખૂબ ગમતી. સી.જી રોડ અને હાઈવે પરની રેસ્ટોરાંમાં જે ધમાલ અને ચહલપહલ રહેતી. શ્રેયાને અહીંની શાંતિ વધુ પસંદ હતી. કૉન્ટેમ્પરી આર્ટ ગેલેરીથી નહેરુબ્રીજ પર લઈને ખાનપુર તરફ જતાં રસ્તામાં બંનેએ બોલવાનું ટાળ્યું. શ્રેયા ચુપચાપ કારની બહાર નદી પર ઝિલમિલાતી રોશની જોતી રહી. સંદિપ રસ્તા પર સીધી નજર રાખીને કાર ચલાવતો રહ્યો.

ખૂણાનું એક ટેબલ પસંદ કરીને બેઠાં અને ક્યાંય સુધી કોણ બોલવાની પહેલ કરે એની રાહમાં બેસી રહ્યાં. મધ્યમ રોશનીમાં રેલાતા સૂર સિવાય ક્યાંય કોઈ ઘોંઘાટ નહોતો.

શ્રેયાએ સંદિપને મળવા માટે બોલાવ્યો તો ખરો પણ શું વાત કરવી એની સમજમાં આવતું નહોતું. શ્રેયાના મનની આ અવઢવ સંદિપ સમજતો હતો પણ શ્રેયા શું કહેવા માંગે છે તે જાણ્યા વગર એને કંઈ કહેવું નહોતું.

છેવટે શ્રેયાને જ શરૂઆત કરવી પડી.

''સંદિપ ,આજ સુધી તું મારો બેસ્ટ ફ્રેન્ડ રહ્યો છું અને હંમેશા રહીશ. શક્ય છે પપ્પાની અને અંકલની વાત માનવા મારું મન કાલે તૈયાર થાય પણ, આજે તો હું કશું જ વિચારી શકતી નથી. મૈત્રીને કોઈ નામ આપવું જ પડશે? એ સિવાય કાયમી મૈત્રી હોઈ જ ના શકે? સંદિપ, કેમ દરેક વખતે એક સ્ત્રી-પુરુષના સંબંધને એક સામાન્ય દૃષ્ટિથી કોઈ જોઈ કે સ્વીકારી શકતું નથી?''સંદિપે જાણે શ્રેયાની દરેક વાત સાથે સંમત છે એમ દર્શાવવા શ્રેયાના હાથ પર મૃદુતાથી પોતાનો હાથ દબાવ્યો.

''સમજું છું શ્રેયા, સૌની નજરે જે દેખાયું એ મને કે તને ના દેખાયું અથવા આપણી સાહજીકતા લોકોને નજરે ન પડી. આમ જોવા જઈએ તો હું એમાં એમનો વાંક પણ નથી જોતો. આજે નહીં તો કાલે આ પરિસ્થિતિ તો ઉભી થવાની જ હતી. આપણાં બે વચ્ચે નહીં તો જીવનસાથી તરીકે બીજા માટે પણ આપણે વિચાર તો કરત જ ને? તું મારી એટલી નજીક છું કે, શક્ય છે જો ઘરમાંથી મારા માટે કોઈ છોકરી માટે વાત આવત તો તે વખતે હું કદાચ એનામાં હું તને શોધવા પ્રયત્ન કરત. એમ થાત તો હું કદાચ બંનેને અન્યાય કરી બેસત. બની શકે કે તને કોઈ છોકરો બતાવે ત્યારે તું જાણે-અજાણે એની સરખામણી મારી સાથે કરી બેસત. મને પપ્પાએ જ્યારે વાત કરી ત્યારે તો મારા મનમાં પણ તારાં જેવા જ વિચારો આવ્યાં પણ જેમ જેમ હું શાંતિથી વિચાર કરતો ગયો તેમ મને લાગ્યુ કે કેમ આપણે આ રીતે વિચારી ન શકીએ? કદાચ એકબીજા માટેની સમજ આપણા જીવન માટે શ્રેષ્ઠ સાબિત થાય. કોઈ અજાણ પાત્ર સાથે જીવન ગોઠવવાં કરતાં આપણે જેને ઓળખીએ તેની સાથે જીવન વધુ સરળ ના બને? વિચારી જો જે તું. કોઈ પણ દિશામાં લેવાયેલો તારો નિર્ણય મને મંજૂર જ હશે. તું હંમેશા મારી અત્યંત કરીબી દોસ્ત રહી છું અને હંમેશા રહીશ જ.''

શ્રેયા સ્તબ્ધ થઈ ગઈ. એણે તો આવી રીતે વિચાર્યું જ નહોતું. એ જાણતી હતી કે, સંદિપ પાસે સામેની વ્યક્તિને સમજાવવા કાયમ કોઈને કોઈ સચોટ દલીલ તો રહેતી જ અને એની વાત કદાચ સાચી છે. જે તે વ્યક્તિમાં આપણી મનગમતી છાયા શોધવા પ્રયત્ન કરીએ તેના કરતાં જરા હાથ લંબાવીને આપણી મનગમતી વ્યક્તિનો સાથ મળતો હોય તો એ જીવન જરા સરળ બને ને? પપ્પા અને સંદિપના વિચારો એક સરખા મળતા કેમ આવત હતા? ક્યારેક માત્ર દિલ નહીં દિમાગથી પણ વિચારી શકાય અને બંનેનો અભિગમ આ બાબતે એક સરખો હતો. તેમ છતાં શ્રેયા કોઈ નિર્ણય પર આવવા માંગતી નહોતી. સંદિપ પસંદ હતો, ખૂબ પસંદ હતો પણ, આ જે નવી ભૂમિકા તૈયાર થતી હતી એ ચોકઠામાં એને ગોઠવતા વાર લાગશે એવુ એને લાગી રહ્યુ હતું. સંદિપ જેટલી સ્વભાવિકતાથી એ હજુ આખી વાતને લઈ શકતી નહોતી. ''સંદિપ, હવે આપણે જઈએ.'' એ અહીં સંદિપથી છુટી પડીને પોતાની રીતે વિચારવા માંગતી હતી. પાછાં વળતાં પણ બેઉ જણ આખા રસ્તે શાંત જ હતાં. શ્રેયાને ઘેર ઉતારતી વખતે સંદિપે કારનાં ડેશ બૉર્ડમાંથી કાઢીને એક કવર તેનાં હાથમાં આપ્યું. શ્રેયાએ આશ્ચર્ય સાથે જોયું તો એ સેપ્ટનાં ફોરેન એક્સચેન્જ સ્ટુડન્ટમાં સંદિપને ૬ મહિના માટે સિનસિનાટી જવા માટેનો લેટર હતો. પાંચ વર્ષના કોર્સ દરમ્યાન ૬ મહિના માટે પ્રેક્ટિકલ ટ્રેઈનિંગ માટેની ઓફર હતી.

હાંશ! મન પરથી પહાડ જેવો બોજો ખસી ગયો હોય તેવી લાગણી શ્રેયાને થઈ. શ્રેયા પણ બેંગ્લોર તો જવાની હતી જ ને?

''જોયુંને નિયતીએ પણ આપણને કેવો સમય અને સાથ આપ્યો?''

સંદિપે કાગળ પાછો લેતા કહ્યું. બની શકે આ ૬ મહિનામાં આપણે કોઈ નક્કર ભૂમિકા પર આવીએ અથવા તો શક્ય છે આ સમય દરમ્યાન તને બીજી કોઈ વ્યક્તિ પસંદ પડે, શક્ય છે મને ત્યાં કોઈ સિટિઝન છોકરી ગમી જાય અને હું ત્યાં જ રહી પડુ. હવે સંદિપ પાછો પોતાના અસલ સ્વભાવ પર આવી ગયો. છુટાં પડતી વખતે બંને વચ્ચે કોઈ તંગદિલી રહે એવું એ ઈચ્છતો નહોતો. શ્રેયા સાથે જે આજ સુધીની હતી એ તમામ પળો યથાવત રહે એમ એ ઈચ્છતો હતો.

ત્યારબાદ પણ શ્રેયા અને સંદિપ મળતા રહ્યા. ટ્રેઈનિંગમાં જવાનાં સમય પહેલા રોજિંદા કામો પહેલાની જેમ આટોપતા રહ્યાં. શ્રેયાએ વિચાર્યુ જે પરિસ્થિતિનો હાલમાં એની પાસે કોઈ ઉકેલ નથી, કોઈ જવાબ નથી ત્યારે એમાં વહી જવામાં જ સાર છે. સંદિપ કહેતો હતો એમ. જસ્ટ બ્લો વીથ ધ ફ્લો. શ્રેયા માટે પછીના દિવસો પસાર કરવા સરળ બની ગયા.

આલેખન:રાજુલ કૌશિક

Rajul Kaushik

http://www.rajul54.wordpress.com

## ઉત્તર પ્રદેશમાં હડતાળ પર ઉતરેલા ૬૫૦ વીજ કર્મચારીઓને સરકારે નોકરીમાંથી કાઢી મૂક્યા

### કર્મચારીઓને હાજર ન કરી શકવા બદલ ૭ એજન્સીઓ સામે કેસ નોંધવામાં આવ્યા

લખનૌ,તા.૧૮

યુપીમાં વિદ્યુત કર્મચારીઓની હડતાળ પર હાઈકોર્ટ કડક બન્યા બાદ હવે યુપી સરકારે પણ કડક કાર્યવાહી કરી છે. સરકારે ૬૫૦ આઉટસોર્સિંગ કોન્ટ્રાક્ટ કામદારોની સેવાઓ સમાપ્ત કરી છે. આ સાથે કર્મચારીઓને હાજર ન કરી શકવા બદલ ૭ એજન્સીઓ સામે કેસ નોંધવામાં આવ્યા છે. બીજી તરફ કામ ન કરનારાઓ સામે તાત્કાલિક એફઆઈઆર નોંધવાની સૂચના આપવામાં આવી છે. જે એજન્સીઓ પર એફઆઈઆર દાખલ કરવામાં આવી છે તેના પર પણ પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. હવે આ એજન્સીઓ ભવિષ્યમાં કોર્પોરેશનમાં કામ કરી શકશે નહીં.વીજ પુરવઠામાં વિક્ષેપ ન કરવાના અગાઉના આદેશો છતાં રાજ્યના વિજળી વિભાગના કર્મચારીઓ હડતાળ પર જતા હોવાની ગંભીર નોંધ લેતા અલ્હાબાદ હાઈકોર્ટે વિભાગના કર્મચારીઓના યુનિયન નેતાઓ સામે તિરસ્કારની કાર્યવાહી શરૂ કરી હતી. કોર્ટે આ નેતાઓને જામીનપાત્ર વોરંટ જારી કરીને ૨૦



માર્ચ ૨૦૨૩ના રોજ કોર્ટમાં હાજર થવા જણાવ્યું હતું. દરમિયાન, ઉત્તર પ્રદેશ પાવર કોર્પોરેશન લિમિટેડએ વિદ્યુત કર્મચારી સંયુક્ત સંઘર્ષ સમિતિના કન્વીનર શૈલેન્દ્ર દુબે સહિત વિવિધ સંગઠનોના કુલ ૧૮ પદાધિકારીઓને નોટિસ પાઠવી છે, અને તેમને આદેશનો હવાલો આપીને તાત્કાલિક હડતાળ પાછી ખેંચી લેવા જણાવ્યું છે.

પીઆઈએલની સુનાવણી કરતા જસ્ટિસ અશ્વની કુમાર મિશ્રા અને જસ્ટિસ વિનોદ દિવાકરે નિર્દેશ આપ્યો હતો કે, આ મામલે કટોકટીની સ્થિતિને ધ્યાનમાં રાખીને લખનઉના ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ દ્વારા વિદ્યુત કર્મચારી સંયુક્ત સંઘર્ષ સમિતિના પદાધિકારીઓને જામીનપાત્ર વોરંટ જારી કરવામાં આવે. ૨૦ માર્ચ ૨૦૨૩ના રોજ સવારે ૧૦ વાગ્યે કોર્ટમાં હાજર થવું જરૂરી છે. કોર્ટે એ પણ નિર્દેશ આપ્યો છે કે, સંબંધિત સત્તાવાળાઓએ ખાતરી કરવી જોઈએ કે ગુનેગાર અધિકારીઓ અથવા કર્મચારીઓ સામે કાયદા અનુસાર યોગ્ય પગલાં લેવામાં આવે જેથી કરીને આ અદાલત દ્વારા ૬ ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ પસાર કરાયેલા આદેશોનું પાલન સુનિશ્ચિત કરી શકાય, જેણે નિર્દેશ આપ્યો હતો કે વીજળી રાજ્ય પુરવઠો વિક્ષેપિત કરવામાં આવશે નહીં.

આ મામલાની આગામી સુનાવણી ૨૦ માર્ચે નિયત કરીને કોર્ટે રાજ્ય સરકારને ત્યાં સુધી આ મામલે કરવામાં આવેલી કાર્યવાહી વિશે જણાવવા નિર્દેશ આપ્યો છે. કોર્ટે કહ્યું, 'ત્યાં સુધી સંબંધિત વિભાગના અધિક મુખ્ય સચિવ એફિડેવિટ રજૂ કરશે.' આ દિશાનિર્દેશ પસાર કરતાં કોર્ટે કહ્યું, 'અમારી સમક્ષ જે રજૂ કરવામાં આવ્યું છે તેના પરથી એવું લાગે છે કે ગંભીર પરિસ્થિતિ ઊભી થઈ છે જેના પર તાત્કાલિક ધ્યાન આપવાની જરૂર છે. જો આ કર્મચારીઓની માંગમાં યોગ્યતા હોય તો પણ સમગ્ર રાજ્યને અટકાવી શકાય નહીં. કોર્ટે કહ્યું, 'કર્મચારીઓનું આવું કૃત્ય આ કોર્ટના વીજ પુરવઠામાં વિક્ષેપ ન પાડવાના નિર્દેશનું ઉલ્લંઘન છે. રાજ્યના વિવિધ વીજ ઉત્પાદન એકમોમાં વીજ ઉત્પાદન ઘટવાથી રાષ્ટ્રીય હિત સાથે ચેડા થાય છે. તેથી પ્રથમ દૃષ્ટિએ તે આ કોર્ટના ૬ ડિસેમ્બર, ૨૦૨૨ના આદેશનો અનાદર છે.

## ભારત રાષ્ટ્રીય હિતનું પાલન કરી રહ્યું છે : ઈરાની રાજદુત

નવીદિલ્હી,તા.૧૮

ભારતમાં ઈરાનના રાજદુત ઈલાહીએ કહ્યું છે કે ભારત પોતાના રાષ્ટ્રીય હિતનું પાલન કરી રહ્યું છે અને રશિયાની સ્થિતિનો ભારતને લાભ મળી રહ્યો છે. આ કડીમાં ભારતને કોઇ દોષ આપી શકાય નહીં. તેમણે કહ્યું કે અમે શિખ્યું છે કે સેકશન એટલે કે પ્રતિબંધોનો કેવી રીતે સામનો કરી શકાય.ફકત તેલના નિર્યાતમાં જ નહીં પરંતુ પૈસાનું હસ્તાતરણમાં પણ ઈરાની રાજદુતે આગળ કહ્યું કે ઈરાન એક તેલ ઉત્પાદક દેશ છે. આથી તેલ અમારી અર્થવ્યવસ્થા માટે મહત્વપૂર્ણ છે.ઈરાન પર ગત અનેક વર્ષોથી અનેક દેશો દ્વારા પ્રતિબંધ લગાવવામાં આવ્યા છે આમ છતાં અમે તેલ ઉત્પાદોને વેચવા માટેની પધ્ધતિ શોધી છે.

ઈરાની રાજદુતે આ મામલામાં આગળ કહ્યું કે અમે ભારતને હંમેશાથી તેલ નિર્યાત કરવાને લઇ તત્પર છીએ પરંતુ આ પુરી રીતે ભારત પર નિર્ભર કરી રહ્યું છે કારણ કે પ્રતિબંધ લગાવવામાં આવેલ દેશોની સંખ્યા દિવસે દિવસે વધી રહી છે આવામાં તમામ દેશોએ એ શિખવું જોઇએ કે પ્રતિબંધો હેઠળ કેવી રીતે રહી શકાય અને નવી પધ્ધતિથી તેલ ઉત્પાદોના નિર્યાત કરવામાં આવે નહીંતર તે પોતાનો સર ગુમાવી દેશે.તેમણે કહ્યું કે ઈરાન અને સાઉદી આરબ બંન્ને ઈસ્લામી દુનિયાના બે સ્તંભ છે અને એશિયાના પશ્ચિમમાં બે શક્તિઓ છે.

ઈરાની રાજદુતે કહ્યું હતું કે ઈરાન અને ભારત બંન્ને નેચુરલ પાર્ટનરક છે ભારત અને ઈરાનના સંબંધોને લઇ રાષ્ટ્રીય દિવસ કાર્યક્રમમાં રાજદુતે ભારતને લઇ કહ્યું કે ઈરાન ગણરાજય માટે ભારતનું વિશેષ મહત્વ છે.ગત દિવસોમાં ઈરાનના રાષ્ટ્રપતિ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વચ્ચે થયેલ મુલાકાત આ વાતનું પ્રમાણ છે.ઈરાજ ઈલાહીએ વધુમાં કહ્યું કે ભારત અને ઈરાનની વચ્ચે ઉર્જાનો વ્યાપાર એક મહત્વપૂર્ણ ક્ષેત્ર રહ્યું છે.

## ધોરાજીમાં સગીર સાળી પર છરીની અણીએ વારંવાર દુષ્કર્મ આચરી ગર્ભવતી બનાવનારને અંતિમ શ્વાસ સુધી જેલની સજા

રાજકોટ,તા.૧૮

ધોરાજીમાં પત્ની સાથે આશ્રિત તરીકે આવેલી સગીર સાળી પર તેના બનેવીએ નજર બગાડી હતી અને છરીની અણીએ સાળીની મરજી વિરુધ્ધ વારંવાર દેહસંબંધ બાંધ્યો હતો. એટલું જ નહીં બે વખત સગીરા ગર્ભવતી બની હતી. જેથી આરોપીએ સગીરાનો બે વખત ગેરકાયદે ગર્ભપાત પણ કરાવ્યો હતો. આ મામલે ધોરાજીની એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટએ સગીરા પર બળજબરીપૂર્વક બદકામ કરનાર આરોપી ઈકબાલ હબીબ કાલીયા મેમણ ઉર્ફે જાદુગરને આજીવન કેદની સજા ફટકારી હતી.

સમગ્ર કેસ અંગે ધોરાજી કોર્ટના સરકારી વકીલ કાર્તિક પારેખે જણાવ્યું હતું કે, સગીરાના પિતા મૂળ બિહારના વતની હતા, અને તેમને બે પત્ની તથા સાત બાળક હતા. આર્થિક ભારણ સહન ન થતા તેમણે પોતાની એક પુત્રીને આરોપી ઈકબાલ હબીબ સાથે પરણાવી દીધી હતી અને તેમની સાથે તેની એક બહેન કે જે સગીરા હતી તેને મોકલી હતી. જે બાદ આરોપી ઈકબાલ હબીબ સગીરા સાથે વારંવાર તેની મરજી વિરુદ્ધ દેહસંબંધ બાંધતો અને જો તાબે ન થાય તો છરી બતાવી દુષ્કર્મ આચરતો હતો.

હદ તો ત્યારે આવી કે સગીરને બે વખત ગર્ભ રહી ગયો હતો. એ વખતે ઈકબાલે સગીરાને દવાઓ ખવડાવીને તેનો ગર્ભપાત કરાવી દેતો.આ સિલસિલો સતત ચાલુ રહેતાં સામાજિક કાર્યકર્તા અને પાડોશી બહેનના ધ્યાનમાં આ હકિકત આવતા તેમણે બાળકીના પિતાને બોલાવી અને પોલીસ સ્ટેશનમાં રજૂઆત કરી હતી અને આરોપી ઈકબાલ હબીબ સામે ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે ૪ જુલાઈ ૨૦૨૦ના અરસામાં ઈકબાલ હબીબની ધરપકડ કરી હતી અને તે જેલમાં હતો.સમગ્ર કેસની તપાસ હાથ ધરી જરૂરી પુરાવાઓ અને ચાર્જ કોર્ટ સમક્ષ રાખી હતી. જે મામલે ધોરાજીની એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટમાં કેસ ચાલ્યો હતો. આ કેસમાં સરકાર પક્ષે એડિશનલ પબ્લિક પ્રોસિક્યુટર કાર્તિક પારેખે કોર્ટ સમક્ષ પુરાવા રજૂ કર્યા હતા તેમજ ભોગ બનનાર સગીરાનુ કોર્ટ સમક્ષ નિવેદન પણ નોંધવામાં આવ્યું હતું.

સરકારી વકીલ દ્વારા દલીલોમાં જણાવેલ કે સગીરા આરોપીના ઘરે આશ્રિત તરીકે આવેલ હોય માત્ર ૧૪ વર્ષની ઉંમરે તેને મોતનો ભય બતાવી સગીરા પર વારંવાર દુષ્કર્મ થયું અને બે વખત તેનો ગર્ભપાત કરાવવામાં આવ્યો છે. આ ઉપરાંત આટલી નાની વયે સગીરાને માતા બનાવી દીધી હોઈ જેથી આ ઘટના અત્યંત ગંભીર કૃત્ય છે.આ ઉપરાંત આરોપી ઈકબાલ વિરુદ્ધ અગાઉ સુરેન્દ્રનગર કોર્ટમાં કેસ ચાલ્યો હતો અને તેમાં હાલના આરોપીને સજા ફરમાવેલી હતી.

## સીંગતેલના ભાવમાં વધારો/ ૧૦ દિવસમાં ડબ્બે રૂ. ૬૦નો વધારો ઝીંકાયો

અમદાવાદ,તા.૧૮

સીંગતેલના ભાવમાં વધારો થતા ડબ્બો ફરી ૩ હજારને નજીક પહોંચ્યો છે. છેલ્લા ૧૦ દિવસમાં સીંગતેલમાં ડબ્બે રૂ. ૬૦ રૂપિયાનો વધારો થયો છે. સીંગતેલના ડબ્બાનો ભાવ રૂ. ૨૯૫૦ થયો છે.

મગફળીની ઓછી આવકથી પિલાણમાં ઘટાડો થતા ભાવમાં વધારો કરાયો છે. તો કપાસિયા અને પામોલિન તેલના ભાવ યથાવત છે. કપાસિયાનો ડબ્બો રૂ. ૧૮૧૦ તો પામોલિનનો ડબ્બો રૂ. ૧૫૪૫ રૂપિયા છે.

રાજ્યના લોકો મોંઘવારીનો માર પહેલેથી જ સહન કરી રહ્યા છે તેવામાં આજે ફરી એકવાર સીંગતેલના ભાવમાં ભડકો થયો છે. દિવસેને દિવસે વધતી જતી મોંઘવારીને કારણે સામાન્ય લોકોને ઘર ચલાવવું મુશકેલ બની રહ્યુ છે ત્યારે સીંગતેલમાં ૧૦ જ દિવસમાં



ડબ્બે ૬૦ રુપિયાનો વધારો કરી દેવામાં આવ્યો છે. રાજ્યમાં તેલીયા રાજા બેફામ બન્યા છે અને સીંગતેલના ભાવો સતત સળગી રહ્યા છે.

રાજ્યમાં સીંગતેલના ભાવમાં ફરી એકવાર વધારો થતા ગૃહીણીઓના બજેટ પર અસર પડી છે.

છેલ્લા ૧૦ દિવસમાં જ સીંગતેલમાં ડબ્બે ૬૦ રુપિયા વધારી દેવામાં આવ્યા છે. સીંગતેલમાં ભાવ વધતા નવો ભાવ ૨૯૫૦ થયો છે. જો કે કપાસિયા, પામોલીન તેલના ભાવ યથાવત રાખવામાં આવ્યા છે.

કપાસિયાનો ડબ્બો ૧૮૧૦ રુપિયા તો પામોલિનનો ડબ્બો ૧૫૪૫ રૂપિયા છે. સતત વધી રહેલા ભાવનું

કારણ સંગ્રહખોરી અને સટ્ટા બજાર પણ જવાબદાર હોવાનું કહેવામાં આવી રહ્યું છે. રાજ્યમાં મગફળીનું મબલખ ઉત્પાદન થયા હોવા છતાં સિંગતેલના ભવમાં સતત વધારો થઈ રહ્યો છે.